અપીલ અરજી નં.૧૩૬ તા.૧૫–૭–૧૦/૧૧

અરજદારઃ શ્રી પ્રતાપભાઈ ડાહયાભાઈ પટેલ
સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી તમામઝોન
આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો.)
જાહેર માહિતી અધિકારી (વી.બી.ડી.સી.)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રતાપભાઈ ડાહયાભાઈ પટેલની તા.૨૪–૫–૧૦ ની અરજીથી (૧) વાહન જનીત રોગ–નિયંત્રણ વિભાગમા અગાઉનાવર્ષોમાં ઈન્ટ્રા–ડોમેસ્ટીક સર્વે તથા મલેરિયા સર્વેલન્સની કામગીરી અલગ–અલગ પ્રકારે કરવામાં આવતી હતી. સદર કામગીરી સંયુકત પણે કયા વર્ષથી કઈસક્ષમ સત્તાધીશની મંજુરીથી અને **NVBDCD** ની કઈ ગાઈડ લાઈન મુજબ ચાલુ કરવામાં આવી તેની મંજુરી તથા ગાઈડ લાઈનની નકલ સહિતની માહિતી આપવી. વિ. મુદૃા નં.૧ થી ૧૩ નીમાહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૩૬/૨૦૧૦–૧૧

શ્રી પ્રતાપભાઈ ડાહયાભાઈ પટેલની તા.૨૪–૫–૧૦ નીઅરજીથી (૧) વાહન જનીત રોગ–નિયંત્રણ વિભાગમા અગાઉના વર્ષોમાં ઈન્ટ્રા–ડોમેસ્ટીક સર્વે તથા મલેરિયા સર્વેલન્સની કામગીરી અલગ–અલગ પ્રકારે કરવામાં આવતી હતી. સદર કામગીરી સંયુકત પણે કયા વર્ષથી કઈ સક્ષમ સત્તાધીશની મંજુરીથી અને **NVBDCD** ની કઈ ગાઈડ લાઈન મુજબ ચાલુ કરવામાં આવી તેની મંજુરી તથા ગાઈડ લાઈનની નકલ સહિતની માહિતી આપવી. વિ. મુદૃા નં.૧ થી ૧૩ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતી ગેરમાર્ગે દોરનારી અને અધુરી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૫૨૨ તા.૨૬–૭–૧૦ થી જાહેર માહિતી અધિકારી તમામઝોન, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો.) જાહેર માહિતી અધિકારી (વી.બી.ડી.સી.) તથા અરજદારને અપીલ અરજીમા મુદૃા નં૧,૩ અને ૧૨ વિગેરેમાં અધૂરી અને ગેરમાર્ગે દોરતી માહિતીના સમર્થનમાં આધાર પુરાવા તથા જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૬૩૧ તા.૬–૮–૧૦ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ તથા અરજદારને પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ. નં.૪૦૫ તા.૧૮–૬–૧૦ થી મુદૃા નં.૪ અંગે આપેલ માહિતી પત્રની નકલની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/૪૭૬ તા.૫–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં ઉધનાઝોન તરફથી સાઉથ વેસ્ટઝોન અઠવાને તબદીલ કર્યા અંગે પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૨૭૮ તા.૨૮–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને મુદૃા નં.૪ અંગે આપેલ માહિતી સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૨૩૭ તા.૧૧–૬–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૬૪ તા. ૧૧–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં ઉધનાઝોન તરફથી રાંદેરઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૨૭૮ તા.૨૮–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, વેસ્ટઝોન તરફથી જંતુનાશક અધિકારી મધ્યસ્થ કચેરી વીબીડીસી વિભાગને તબદીલ કર્યા અંગેના પત્ર નં.વીબીડીસી/ આરટીઆઈ સેલ/૧૪૭ તા.૪–૬–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી અરજદારને ઓપલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૭૪ તા.૨૧–૬–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્રનં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૮૩૩ તા.૯–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સાઉનઝોન ઉધના તરફથી લીંબાયતઝોનને તબદીલ કર્યા અંગે પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૨૭૮ તા.૨૮–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને મુદૃા નં.૪ અંગે આપેલી માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન /મહેકમ/૯૦૧ તા.૧૧–૬–૧૦ ના પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પૂરક વિગતોમાં અત્રેના વિભાગને નોંધ વિભાગ, ઉધનાઝોન તરફથી વરાછાઝોનને તબદીલ કર્યા અંગે પત્ર નં. સા.ઝોન/વીબીડીસી/૨૭૮ તા.૨૮–૫–૧૦ ના પત્રનીનકલ, અરજદારનુ મુળ અરજીની નકલ, અરજદારને મુદૃા નં.૪ અને ૭ આપેલી માહિતી અંગેના પત્રનીનકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પુરક વિગતોમાં અરજદારને મુદૃા નં.૫, ૮,૧૦અને ૧૨ અંગે આપેલ માહિતીના પત્ર નં. સા.ઝોન/એસ્ટા/૪૨૭ તા.૧૫–૬–૧૦ ના પત્રની નકલ, ફાઈલેરીયા મેલેરીયા નવી પ્રથાથી થયેલ ફાયદાઓ અંગે ના પત્રકની નકલ, સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના સમય અંગેના પરિપત્રની નકલ, અરજદારને આપેલી માહિતીના મુદૃા નુ.૪,૭ ,૯ અને ૧૩ પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૩૬૬ તા.૧૭–૬–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી પૂરક માહિતી અંગે મુદૃા નં.૭ અને ૯ ના પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૭૦૪ તા.૯–૮–૧૦ ના પત્રની નકલ અરજદારને આપેલી માહિતી અંગે મુદૃા નં.૧૦ અને ૧૧ અંગે પૂરક પત્ર નં.૮૯૫ તા.૧૬–૮–૧૦ ના પત્રની નકલ તથા કમિ.ના પરિપત્ર નં.સીએમએમએફ/૫ તા.૧–૫–૯૬ ની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં પત્ર

નં.એન.ઝેડ/આ.નં.૩૯ તા.૧૫–૬–૧૦ ના રોજ અરજદાને આપેલી માહિતી અંગેનાપત્રનીનકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્રનં.વીબીડીસી/પીએચડી/આઈઓ/આ.નં.૯૬૩ તા.૫–૮–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં ઉધનાઝોન તરફથી જાહેર માહિતી અધિકારી જંતુનાશક અધિકારી/વહીવટને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, વેસ્ટઝોન તરફથી જંતુનાશક અધિકારી મધ્યસ્થ કચેરી વીબીડીસીને તબદીલ કર્યા અંગે પત્ર નં.વીબીડીસી/આરટીઆઈ સેલ/૧૪૭ તા.૪–૬–૧૦ ના પત્રની નકલ,સેન્ટ્રલઝોનતરફથી આરોગ્ય અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૩૮૩ તા.૧૬–૬–૧૦ ના પત્રની નકલ,જંતુનાશક અધિકારી તરફથી અરજદારને મુદ્દા નં.૧ થી ૫ અને ૧૩ અંગે આપેલી માહિતીના પત્રની નકલ, ઓપરેશન ગાઈડ લાઈન ફોર અર્બન મેલેરીયા સ્કીમના પુસ્તકની આપેલી માહિતીની નકલ, નેશનલ મેલેરીયા ઈરેડીકેશન પ્રોગ્રામના પુસ્તકમાંથી આપેલી નકલની , ફાઈલેરીયા મેલરીયાના નવી પ્રથાથી થયેલા ફાયદાઓ અંગેનું પત્રક સા. સ. ઠરાવ નં.૭૮૩/ ૯૮ તા.૧ ૪–૫–૯૮ ના ઠરાવની નકલ, સીએમએફ/ ૧૨ તા.૨૧–૫–૯૮ થી , સીએમએફ /૨ તા.૬–૪–૯૮ થી જંતુનાશક અધિકારી અને આસી. જંતુનાશક અધિકારીના પાવર ડેલીગેટની નકલ , અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્ર નં. વીબીડીસી/ પીએચડી/આઈઓ/આ.નં.૩૬૨ તા.૧૪–૬–૧૦ ના પત્રની નકલ, અજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.પીએચડી/આઈઓ/૫૮૧ તા.૨૧–૬–૧૦ ના પત્રની નકલ તથા સ્પષ્ટતા કરતાં પીએચડી/ આઈઓ/ ૧૦૪૯ તા. ૧ ૩–૮–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.જયારે અરજદાર તરફથી તા.૬–૮–૧૦ થી મળેલ પત્રમાં મુદ્દા નં.૧,૩ અને ૧૨ અંગે વિગતવાર માહિતી આપવાનું જણાવેલ છે તથા તેની સાથે પીએચડી/આઈઓ/૫૮૧ તા.૨૧–૬–૧૦ ના પત્રથી આપેલ માહિતી તથા ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૪૨૭ તા.૧૫–૬–૧૦ ના પત્રની નકલ, તથા પીએચડી/આઈઓ/ ૧ ૩૧૪ તા.૩૧–૧૨–૦૧ ના નોંધ વિભાગના રીપોર્ટ ની નકલ , વીબીડીસી વિભાગના નવી પ્રથાના સંદર્ભે ફાયદાઓની વિગત તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓના ઓફિસ સમય અંગેના પરિપત્રની નકલ અરજદાર તરફથી મળેલ છે.

અરજદારની તા.૨૪–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૩ ની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને ઉધનાઝોન તરફથી તમામઝોનના જાહેર માહિતી અધિકારીને મ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. જંતુનાશક અધિકારી તથા જાહેર માહિતી અધિકારી અને આરોગ્ય અધિકારી અને ડે.કમિ.(હે અનેહો) ને પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૨૭૮ તા.૨૮–૫–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. તેમજ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૩૮૭ તા.૧૬–૬–૧૦ થી આરોગ્ય અધિકારી તથા વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૧૪૭ તા.૪–૬–૧૦ થી ઈ.ચા. જંતુનાશક અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા. જંતુ નાશક અધિકારી વીબીડીસી તરફથી પત્ર નં.પીએચડી/આઈઓ/૫૮૧ તા.૨૧–૬–૧૦ થી મુદ્દા નં.૧ થી ૫ તથા ૧૩ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન તફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૪૨૭ તા.૧૫–૬–૧૦ થી મુદ્દાનં.૫,૮,૧૦ અને ૧૨ ની માહિતી તથા પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/ ૩૬૬ તા.૧૭–૬–૧૦ થી મુદ્દા નં.૪,૭,૯ અને ૧૩ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ. તેમજ પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૭૦૪ તા.૯–૮–૧૦ થી મુદ્દા નં.૭ અને ૯ ની તથા પત્ર નં.સા.ઝોનએસ્ટા/૮૯૫ તા.૧૬–૮–૧૦ થી મુદ્દા નં.૧૦ અને ૧૧ ની પૂરક માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૯૧ તા.૧૭–૬–૧૦ થી મુદ્દા નં.૪ અને ૭ ની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ / ૪૦૫ તા.૧૮–૬–૧૦ થી , જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/૨૩૭ તા.૧૧–૬–૧૦ થી, જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ / ૧૭૪ તા.૨૧–૬–૧૦ થી , જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૯૦૧ તા.૧૧–૬–૧૦ થી તેમજ જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આર.નં.૩૯ તા.૧૫–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. અરજદારે માહિતીથી અસંતોષ હોય તેવું જણાવી તા.૧૫–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) વાહન જનીત રોગ–નિયંત્રણ વિભાગમા અગાઉના વર્ષોમાં ઈન્ટ્રા–ડોમેસ્ટીક સર્વે તથા મલેરિયા સર્વેલન્સની કામગીરી અલગ–અલગ પ્રકારે કરવામાં આવતી હતી. સદર કામગીરી સંયુકત પણે કયા વર્ષથી કઈ સક્ષમ સત્તાધીશની મંજુરીથી અને **NVBDCD** ની કઈ ગાઈડ લાઈન મુજબ ચાલુ કરવામાં આવી તેની મંજુરી તથા ગાઈડ લાઈનની નકલ સહિતની માહિતી આપવી. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર કામગીરી સંયુકતપણે તા.૩૧–૧–૦૧ થી કમિ..શ્રીની મંજુરીથી કરેલ છે જેની નકલ સામેલ છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલ અરજીમાં જંતુનાશક અધિકારીએ પીએચડી/આઈઓ/૫૮૧ તા.૨૧–૬–૧૦ થી મુદ્દા નં.૧માં સદર કામગીરી સંયુકતપણે તા.૩૧–૧–૦૧ થી કમિ.શ્રીની મંજુરી થી કરેલ છે.તેવું જણાવેલ છે. જે બાબતે પીએચડી / આઈઓ/ ૧૩૧૪ તા.૩૧–૧૨–૦૧ માં માનનીય કમિ.શ્રી તથા ડે.કમિ.શ્રી (હેઅનેહો) તા.૩૧–૧૨–૦૧ થી સહી કરેલ છે આમ કામગીરી ચાલુ કયાની તારીખ અને મંજુરીની તારીખોમાં વિરોધાભાસ થાય છે તેવી રજૂઆત અપીલમાં કરેલ છે. સાથે સર્વેલન્સ અને ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વેની એકટીવીટી પખવાડીક સુરત શહેરમાં અમલમાં મુકવા માટે મંજુરી માંગેલ હતી તેમજ દર પત્રના પેરા નં.૩ માં જણાવ્યા મુજબ સેન્ટ્રલઝોનના જે તે યુનીટની કામગીરી માટે ફાળવવામાં આવેલા સ્ટાફનું લીસ્ટ સામેલ કરેલ છે પરંતુ મને આપેલ નકલમાં અન્ય માહિતી સામેલ કરી ગેરમાગે દોરેલ છે વધુમાં સદર પત્ર મે. કમિ. શ્રીએ ઓલસો લેટસ ડીસ્કસ એટ તા.૧–૧–૦૨ વીકલી મીટીંગનો શેરો તા.૩૧–૧૨–૦૧ ના રોજ મારેલ છે અને મંજુરી મળી હોય તો તેની નકલ મને આપી હોત આમ ન કરી માહિતી અધૂરી આપેલ છે તે અસ્પષ્ટ આપેલ છે. જે બાબતે ઈ.ચા. જંતુનાશક અધિકારીએ પત્ર નં.પીએચડી/આઈઓ/૧૦૪૯ તા.૧૩–૮–૧૦ થી કમિ.શ્રીની મંજુરીની તા. ૩૧–૧૨–૦૧ ની જગ્યાએ ભુલથી તા.૩૧–૧–૦૧ દર્શાવેલ છે તે અંગે સ્પષ્ટતા કરેલ પત્ર પાઠવવામાં આવેલ છે.જેથી હવે તે અંગે તકરારને કોઈ સ્થાન નથી. (૨) વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગમાં વપરાશમાં આવતી એબેટ ટીમેફોસ શું છે? તથા તેના ફાયદા–ગેરફાયદા તથા તેનો ઉપયોગ કઈ કેડરના અધિકારી/કર્મચારીઓએ **NVBDCD** ની કઈ ગાઈડ

મુજબ કરવાનો હોય છે તેની ગાઈડ લાઈનની નકલ સહિતની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિગતવાર માહિતીની નકલ સામેલ છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારને ઓપરેશનલ ગાઈડ લાઈન ફોર અર્બન મલેરીયા સ્કીમના પુસ્તકની પાના નં.૫૭ થી ૬૫ ની નકલ પૂરી પાડેલ છે. તેમાં અરજદારે અપીલમાં આપેલ માહિતીમાં અબેટ ટીમોફોસ દવાના ઉપયોગ વિશે જણાવેલ છે પરંતુ ફાયદા ગેરફાયદા તથા તેના ઉપયોગ કઈ કેડરના કર્મચારીએ કઈ ગાઈડ લાઈન મુજબ કરવાના હોય છે તે માહિતી આપેલ નથી. તેવા બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફાઈલેરીયા મલ ેરીયા વિભાગ ધ્વારા તમામ ઝોનમાં કામગીરીની ઘનિષ્ઠતા વધારવા માટે અમલમાં લાવવા જોગ નવી પ્રથાની હાલમાં ઉપલબ્ધ પધ્ધતિના સંદર્ભમાં ફાયદાઓ પાના નં.૬૯ થી આપેલ માહિતીમાં જણાવેલ છે. અને તેમાં વર્કરથી વિવિધ કક્ષાના કર્મચારીનો પણ નિર્દેશ જણાય છે. (૩) **NVBDCD** ની ગાઈડ લાઈન મુજબ મચ્છરના કુલ કેટલા પ્રકાર હોય છે તેમજ સદર મચ્છરને પાણીમાં મુકેલ ઈંડામાંથી પુખ્ત મચ્છર બનતા કેટલા દિવસો લાગે છે તેમજ મચ્છરની પવનની દિશામાં તથા વિરુધ્ધ દિશામાં ઉડવાની ક્ષમતા કેટલા મીટર /કિલોમીટરની હોય છે તેની ગાઈડ લાઈનની નકલ સહિતની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી એનોફેલીસ ઓફ ઈન્ડિયા નામની મુખ્ય કચેરીએ બુક છે તેમાંથી જરૂરી માહિતી રૂબરૂમાં આવીને મેળવી લેશો. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે અરજદારે અપીલમાં માંગવામાં આવેલી માહિતી બુકમાં હોય તો તેની નકલ કાઢી નિયમોનુસાર ફી લઈ સદર નકલ આપી શકયા હોત. તેવું જણાવેલ છે. તેવાપ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ માહિતી સંદર્ભે બુક અંગેની કેટલી વિગત સ્પર્શે છે તેવું જણાવવું જોઈએ જો વધુ માહિતી સ્પર્શતી હોય તો તે બુક ઉપલબ્ધ અંગેના સ્થળો જણાવવા જોઈએ.અને જયારે અરજદાર ફી ભરી માહિતી મેળવવા ઈચ્છુક હોય તો ફી ભરીને માહિતી પૂરી પાડવા અરજદારને સૂચિત કરવાનું રહે. (૪) સુરત મહાનગરપાલિકામાં VBDC નવિભાગમાં મુખ્ય કચેરી તથા તમામ ઝોનમાં ફરજ બજાવતા પ્રાયમરી હેલ્થ વર્કરો/ (ઓફિસ વર્ક) સ્ટોર નાઈટ સર્વે, રોડન્ટ કલેકશન , ઈન્ટ્રાડોકેસ્ટીક સર્વેલન્સ, પેરાડોમેસ્ટીક સર્વેલન્સ ફોગીંગ અલગથી અન્ય કામગીરી સંભાળતા ની સંખ્યાની વિગતવાર માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કામગીરીનો પ્રકાર અને કર્મચારીની વિગતો આપવામાં આવેલ છે. તથા તમામઝોન તરફથી પણ તે અંગેની વિગતો જુદા જુદા પત્રો ધ્વારા ૧. ઉધનાઝોન ધ્વારા પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૩૬૬ તા.૧૭–૬–૧૦, સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૪૦૫ તા.૧૮–૬–૧૦ થી , અઠવાઝોન ધ્વારા પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/૨૩૭ તા.૧૧–૬–૧૦ થી , રાંદેરઝોન ધ્વારા વેસ્ટઝોન/આરટીઆઈ/૧૭૪ તા.૨૧–૬–૧૦ થી , લીંબાયઝોન ધ્વારા પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૦૧ તા.૧૧–૬–૧૦ થી , વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૧૯૧ તા.૧૭–૬–૧૦ થી, કતારગામઝોન ધ્વારા પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૯ તા.૧૫–૬–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારે મેઈન ઓફિસ મુગલીસરાના આપેલ માહિતીમાં પ્રાયમરી હેલ્થ વર્કરની સંખ્યા ઓછી બતાવે છે. તેવી રજૂઆત કરેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. (૫) વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગમાં ફરજ બજાવતાં ઈ. ચા.જંતુનાશક અધિકારી (વહીવટ/સ્ટોર) આસી. જંતુનાશક અધિકારી સેનેટરી ઈન્સ્પેકટર સેનેટરી સબ ઈન્સ્પેકટર, પ્રાયમરી હેલ્થ વર્કર, મુકાદમ બેલદારો, વગેરેએ **NVBDCD** ની ગાઈડ લાઈન મુજબ કોણે કઈ કામગીરી કરવાની હોય તથા તેમને સક્ષમ સત્તા ધ્વારા આપવામાં આવેલ પાવર્સ ડેલીગેટસના ઠરાવની નકલ સહિતની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પાવર ડેલીગેટના ઠરાવની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં અન્ય કર્મચારીના પાવર ડેલીગેટ ના ઠરાવની નકલ માંગવામાં આવેલ છે. જે આપવામાં આવેલ નથી તેમજ સાઉથઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૪૨૭ તા.૧૫–૬–૧૦ થી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ **suratmunicipal.gov.in.** પર **Right to information**ણ ના **Title** જેમાં**downloadg->Act>,6,duties & Power of Municipal Authority & Officers** હેઠળ કરવામાં આવેલ છે. જણાવેલ વેબસાઈટ પરની નકલ કઢાવેલ જેમાં માહિતી મળેલ નથી આમ માહિતી અધૂરી છે તેવું જણાવેલ છે. જે અધિકારીને સત્તા આપેલી જણાય છે તેના પાવર ડેલીગેટની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે અધિકારી હોદ્દાઓને પાવર ડેલીગેટ કરવામાં આવેલ હોય તેવાની માહિતી વેબસાઈટ પર મુકવામાં આવેલ જણાય છે. જયારે તે સિવાયના કર્મચારીઓની કામની વિગત વેબસાઈટ પરથી મેળવેલ છે તે કર્મચારીએ જણાવેલ છે. (૬) વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગમાં ફરજ બજાવતાં ઈ.ચા. જંતુનાશક અધિકારી, આસી. જંતુનાશક અધિકારીની શૈક્ષણિક લાયકાત જે સુરત મહાનગરપાલિકાના નિતિ નિયમ અનુસાર નકકી કરેલ હોય તેની માહિતી આપવી. મુદ્દા નં.૬ બાબતે અરજદારે માહિતી સમય મર્યાદા બાદ મળેલ છે. પરંતુ મળેલી માહિતી અંગેના પત્રની નકલ બંને પક્ષકારો તરફથી કોઈ પણ પક્ષકારે રજૂ કરેલ નથી. વિલંબ સિવાય તે બાબતે અરજદારની કોઈ તકરાર નથી. (૭) વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગમાં ભરતી કરવામાં આવેલ રોજીંદા કામદારોને કઈ કામગીરી કરવા માટે ભરતી કરવામાં આવેલ છે અને હાલમાં તેમની પાસે કઈ કઈ કામગીરીઓ કરાવવામાં આવે છે તેમને કઈ શૈક્ષણિક લાયકાતને આધારે ભરતી કરવામાં આવે છે તેની માહિતી આપવા બાબત.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૯૧ તા.૧૭–૬–૧૦ થી રોજીંદા બેલદારોની ભરતી મા.કમિ.શ્રીના વખતોવખત મંજુરીથી કમિ.શ્રીના હુકમમાં જણાવેલ નિયત મર્યાદા માટે કરવામાં આવે છે તેમની પાસે ખાતાકીય કામગીરી જેવી કે, ઈન્ટ્રા ડોમેસ્ટીક, એકટીવ સર્વેલન્સ, આઈ ઈસી વિગેરે પ્રકારની કામગીરી અંગેના ખાતા ધ્વારા તાલીમ આપ્યા બાદ કરાવાય છે આ ભરતીમાં ૧૮ વર્ષથી ઉપરના તથા ધો.૧૦ પાસ કે વધુ અભ્યાસ કરેલ હોય તેવા રોજીંદા વર્કર તરીકે ભરતી કરવામાં આવે છે વધુમાં એન્ટ્રી લાર્વલ ની કામગીરી માટે રોકવામાં આવતા રોજીંદા બેલદારોની શૈક્ષણિક લાયકાત જોવામાં આવતી નથી તેવું જણાવેલ છે. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૩૬૬ તા.૧૭–૬–૧૦ થી મુદ્દા નં.૭ અન્વયે વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગમાં જરૂરીયાત મુજબ રોકવામાં આવતા રોજીંદા બેલદારો પાસે જરૂરીયાત મુજબ એન્ટ્રી લાર્વલ, સર્વેલન્સ તેમજ ખાતાને સંલગ્ન કામગીરી કરવામાં આવે છે. તેમની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધો–૪ પાસ છે. તે ધ્યાને લઈ કામગીરીને અનુરૂપ સક્ષમ રોજીંદા બેલદારોની ભરતી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ માં અરજદારે અપીલ બાબતે શૈક્ષણિક લાયકાત બંને જાહેર માહિતી અધિકારીઓએ જુદી જુદી રજૂઆત બાબતે માહિતી ગેરમાર્ગે દોરનારી અને ખોટી હોવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોને ખુદ ધો.૧૦ ની લાયકાત જણાવેલ છે પરંતુ લાયકાત ધ્યાને લેવામાં આવતી નથી તેવું પણ

જણાવેલ છે. વધુમાં તે બાબતે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૭૦૪ તા.૯–૮–૧૦ થી મુદ્દા નં.૭ અંગે પૂરક વિગતોમાં આપેલ જવાબ રીક્રુટમેન્ટ રુલ્સથી મુકરર થયેલ લઘુતમ લાયકાતના આધારે આપવામાં આવેલો હતો. તેથી લઘુતમ લાયકાતથી વધારે લાયકાત ધરાવતો કોઈ વ્યકિત કે ઉમેદવાર કામ કરવા તૈયાર હોય તો સુરત મહાનગરપાલિકાને કોઈ બાધ હોય શકે નહીં. તેથી આપેલ જવાબમાં કોઈ વિસંગતતા નથી. તેવું જણાવેલ છે. અને પૂરક વિગતોમાં સંતોષકારક સ્પષ્ટતા કરેલ છે. (૮) સુરત મહાનગરપાલિકામાં કયા અધિકારી/કર્મચારીઓએ કામગીરી સાથે વર્કડાયરી નિભાવવાની હોય છે તેમજ તેઓના સદર કામગીરી અર્થે કેવા પ્રકારનું એલાઉન્સ આપવામાં આવે છે તેની ઠરાવના નકલની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટ/૪૨૭ તા.૧૫–૬–૧૦ થી સુરત મહાનગરપાલિકામાં ક્ષેત્રીય કામગીરી કરતાં તમામ કર્મચારીઓને વર્કડાયરી નિભાવવાની હોય છે. તેમને સદર કામગીરી અંગે સ્ટેન્ડીંગ કમિટીના ઠરાવને આધીન એલાઉન્સ ચૂકવવામાં આવે છે. જેની સ્થા. સમિતિના ઠરાવની નકલ આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. (૯) સુરત મહાનગરપાલિકાના કયા કયા અધિકારી/કર્મચારીઓ પોતાની રોજરોજની કામગીરીના અંગત રીપોર્ટ રોજ રોજ વિભાગની કચેરીમાં રજૂ કરેલ છે તથા તેઓની રોજ રોજની કામગીરીનું ક્રોસ ચેકીંગ કયા અધિકારી/કર્મચારીઓ કરી શકે હાલમાં કયા કયા વિભાગના અધિકારી /કર્મચારી ધ્વારા કઈ ગાઈડ લાઈન મુજબ કરવામાં આવે છે તેની ગાઈડ લાઈનની નકલ સહિતની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૩૬૬ તા.૧૭–૬–૧૦ થી સાઉથઝોન હેઠળના વીબીડીસી વિભાગના કર્મચારીઓએ પોતાની રોજ રોજની કામગરીનો રીપોર્ટ સંકલિત કરી વિભાગીય કચેરીએ રજૂ કરે છે. તેમને રોજે રોજની કામગીરીનું ક્રોસ ચેકીંગ તેમની તરતના ઉપલા અધિકારીઓ કરી શકે છે. જેમાં અરજદારે અપીલમાં કયા કયા વિભાગના અધિકારીઓ/કર્મચારીઓની કામગીરીનું ક્રોસ ચેકીગ કયા અધિકારી/કર્મચારી ધ્વારા કઈ ગાઈડ લાઈન મુજબ કરવામાં આવે છે તેની નકલ માંગેલ છે તેવી માહિતી ખોટી હોવાનુ અને અધૂર હોવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/વીબીડીસી/૭૦૪ તા.૯–૮–૧૦ થી મુદ્દા નં.૯ અંગે જણાવેલ છે કે આપેલ જવાબ બરાબર છે તે ઉપરાંત જણાવવાનું કે સુરત મહાનગરપાલિકાના તમામ ખાતાના કર્મચારીઓએ કચેરી કાર્યપધ્ધતિ અનુસાર તેમની વર્ક ડાયરી રોજ રોજ નિભાવવાની રહે છે અને તેનું ક્રોસ ચેકીંગ તરતના ઉપલા અધિકારી ઈચ્છે ત્યારે કરી શકે છે. આ ઉપરાંત સંસ્થાકીય ચાર્ટ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. આમ અરજદારને વિગતો પૂરી પાડેલ જણાય છે. (૧૦) સુરત મહાનગરપાલિકામાં ગુમાસ્તા ધારા હેઠળ નિભાવવામાં આવતું અધિકારી/કર્મચારીઓનું હાજરી પત્રક માં સહીના ખાનામાં એ માર્ક "0" રાઉન્ડ માર્ક "–" લીટી માર્ક કરવાની સત્તા કઈ કેડરના અધિકારી /કર્મચારીઓને આપવામાં આવેલ છે. તેની લાગત તમામ વિભાગની કેડર સહિતના અધિકારી/કર્મચારીઓની માહિતીની વિગત આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૮૯૫ તા.૧૬–૮–૧૦ થી મુદ્દા નં.૧૦ માટે ગુમાસ્તાધારા હેઠળ નિભાવવામાં આવતું હાજરી પત્રક તેવી માહિતી માંગેલ છે. સુરત મહાનગરપાલિકાના કર્મચારી/અધિકારી માટે ગુમાસ્તાધારો લાગુ પડતો ન હોય તે કાયદા હેઠળ હાજરી પત્રક વિભાગમાં આવતું નથી. પરંતુ મહાનગરપાલિકાના સ્થાયી આદેશો અને કચેરી કાર્ય પધ્ધતિ અનુસાર નિભાવવામાં આવે છે. જેથી તમને આપવામાં આવેલ માહિતી છુપાવવા નો કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. તેવું પૂરક માહિતીમાં જણાવેલ છે. આમ અરજદારની માંગણી મુજબની માહિતી બાબતે સદર કાયદો સુરત મહાનગરપાલિકાના કર્મચારી /અધિકારીને સ્પર્શતો નથી તેમ જણાવેલ છે. (૧૧) સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં કયા કયા વિભાગોમાં બીજા ચોથા શનિવારની તેમજ તમામ શનિવારની બપોર બાદની રજા આપવામાં આવે છે તેના ઠરાવની નકલ સહિતની માહિતી આપવી. જે બાબતે અરજદારે અપીલમાં તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૮૯૫ તા.૧૬–૮–૧૦ થી મુદૃ નં.૧૧ એક પરિપત્ર નં.સીએમએફ/૫ તા.૧–૫–૯૬ થી સુરત મહાનગરપાલિકાના ક્ષેત્રિય કર્મચારીના ફરજના સમયની વિગતો પૂરક માહિતીમાં આપવામાં આવેલ છે. પરંતુ અરજદારને આરોગ્ય વિભાગની શનિવારની રજા બાબતેની માહિતીની વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. (૧૨) સુરત મહાનગરપાલિકામાં લઘુતમ વેતન ધારા હેઠળ ઓફિસ વર્ક તેમજ ફિલ્ડ વર્ક સાથે સંકળાયેલા અધિકારી/કર્મચારીઓએ ફરજમાં રોજ કેટલા કલાક કામગીરી કરવાની હોય છે તેની વિભાગ સહિત માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૪૨૭ તા.૧૫–૬–૧૦ થી સુરત મહાનગરપાલિકામાં ઓફિસ વર્ક તેમજ ફિલ્ક વર્ક સાથે સંકળાયેલા અપીલ તબકકે અધિકારી/કર્મચારીઓએ કેટલા કલાકની કામગીરી કરવાની હોય તે અંગે તા.૩૧–૩–૮૯ ના પરિપત્રની નકલ તેમજ સીએમએફ/૫ તા.૧–૫–૯૬ ના પરિપત્રની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે માંગ્યા મુજબની માહિતી અનુસાર જણાય છે. (૧૩ ) વાહક જનિત રોજ નિયંત્રણ વિભાગમાં WHO ની ગાઈડ લાઈન મુજબ એક કર્મચારી તેમની ફરજના સમય દરમ્યાન રોજના કેટલા (ઓછામા ઓછા, વધુમાં વધુ) ઘરો સર્વે કરી શકે તેની ગાઈડ લાઈન નકલ સહિતની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જંતુનાશક અધિકારી તરફથી અત્રેના વીબીડીસી વિભાગ ખાતે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. તેમાં અરજદારે અપીલ તબકકે ફાઈલેરીયા મેલેરીયાની કામગીરી કઈ ગાઈડ લાઈન મુજબ કરવામાં આવે છે તેવી રજૂઆત કરેલ છે. જે અંગે દફતરી ઉપલબ્ધ માહિતી નહીં હોવાનું જણાવેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૫–૧૦ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી અરજીના પરિપ્રેક્ષ્યમાં મુદ્દા નં.૩ અંગે માહિતીના સંદર્ભ ધ્યાને રાખી દફતરી ઉપલબ્ધ બુક હોય તો તેમાંથી લાગત માહિતી મુદ્દા નં.૫ અંગે સેનેટરી ઈન્સ્પેકટર અને સબ ઈન્સ્પેકટર બાબતેની ફરજો અંગેની વિગતો તથા મુદ્દા નં.૧૧ અંગે આરોગ્ય વિભાગના શનિવારની રજા અંગેની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.( હે અને હો) અને જાહેર માહિતી અધિકારી આરોગ્ય (વીબીડીસી)ને જણાવવામાં આવે છે. અપીલ તબકકે લાગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ પૂરક વિગતો ધ્યાને લેતાં તે સિવયાના મુદ્દા અંગે કોઈ તકરાર રહેતી ન હોય તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૧૦.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) જાહેર માહિતી અધિકારી તમામઝોન, આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો.) જાહેર માહિતી અધિકારી (વી.બી.ડી.સી.)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી પ્રતાપભાઈ ડાહયાભાઈ પટેલ,